# સમકાલીન પયગંબરો – હગાઈ અને ઝખરિયા

## ફાધર વર્ગીસ પોલ

બાઈબલના દેશવટેથી 50,000 જેટલા યહૂદીઓ ઈ.સ. પૂર્વે 538માં આપેલા સમ્રાટ કોરેશના વટહુકમથી પાછા સ્વદેશ ફર્યા હતા. પરંતુ આ યહૂદીઓ ખંડિયેર પડી રહેલું મંદિર ફરી બાંધવામાં વિલંબ કરતા હતા. આ સંદર્ભમાં પયગંબર હગાઈ અને એના સમકાલીન પયગંબર ઝખરિયાએ પોતાનાં પયગંબરી વચનો ઉચ્ચાર્યાં હતાં.

પયગંબર હગાઈ પોતાના સંદેશમાં નેતાઓને અને લોકોને મંદિરનો જીર્ણોધ્ધાર જલદી પતાવવાના ચાનક ચડાવે છે અને મંદિર ફરી બંધાય તો દેશ અને લોકો ઉપર પ્રભુના આશીર્વાદ ઊતરશે એવાં મંગલ વચને ઉચ્ચારે છે.

ઈ.સ. પૂર્વે 520 ઓગષ્ટની 29મી તારીખે આપેલા પ્રથમ સંદેશમાં હગાઈ કહે છે, આ મંદિર હજી ભંગાર આવસ્થામાં પડયું છે ત્યારે તમારે માટે રૂડાંરૂપાળાં મકાનોમાં રહેવાનો વખત આવ્યો છે ? તમારી દશા છે તેનો વિચાર કરો. તમે પુષ્કળ વાવ્યું છે, પણ લણ્યું છે ઓછુઃ તમે ખાઓ છો, પણ પેટ ભરીને ખાવા પામતા નથી, તમે પીઓ છોસ પણ કદી સંતોષ થાય એટલું પીવા પામતા નથી, તમે વસ્ત્રો પહેરો છો, પણ હૂંફ મળતી નથી, મજૂર પોતાની મજૂરી જે કોથળીમાં મૂકે છે તે કાણી છે. તમે તમારી આ દશાનો વિચાર કરો અને ડુંગર ઉપર જઈને લાકડાં લઈ આવી મંદિર બાંધો, જેથી હું પ્રસન્ન થાઉં અને મારું ગૌરવ સચવાય.

એઝરા ગ્રંથના ચોથા અધ્યાયમાં જણાવ્યા મુજબ યરુશાલેમમાં મંદિરના જીર્ણોદ્ધારનો પ્રારંભ ઈ.સ. પૂર્વે 536માં થયો હતો પણ ઈ.સ. પૂર્વે 530 સુધી જીર્ણોદ્ધારનો વિરોધ થતો રહ્યો અને ઈ.પૂ. 530 થી ઈ.પૂ. સુધી જીર્ણોદ્ધારનું કામ અટકી પણ ગયું હતું.

પણ હવે હગાઈના પયગંબરી આદેશથી સૂબા ઝરૂબાબેલ અને પુરોહિત યોશુઓની આગેવાની હેઠળ લોકોએ હગાઈનાં વચનો માથે ચડાવ્યાં અને તેઓએ છઠ્ઠા મહિનાની ચોવીસમી તારીખે સર્વશક્તિમાન પ્રભુના મંદિરનું કામ શરૂ કરી દીધું. બાદશાહ દાર્યાવશના અમલનું એ બીજું વર્ષ હતું.

પોતાના બીજા સંદેશમાં જીર્ણોદ્ધાર દ્વારા નવા બંધાત મંદિરના ભાવિ વૈભવની આગાહી કરતાં હગાઈ પયગંબર લોકોને પ્રભુનાં વચન સંભળાવે છે. આ મંદિરની પહેલાંની જાહોજલાલી જોઈ હોય એવું કોઈ તમારામાં બાકી રહ્યું છે ? અત્યારે તેમને એ નમાલું નથી લાગતું ? તેમ છતાં હિંમત રાખજો ! કામે લાગી જાઓ, કારણ હું સર્વશક્તિમાન પ્રભુ તમારી સાથે છું. આ મંદિરને હું વૈભવથી ભરી દઈશ. ચાંદીએ મારી છે ને સોનુંય મારું છે. આ મંદિરના પહેલાંના વૈભાવ કરતાં હવે પછીનો વૈભવ ચઢી જશે અને આ મંદિરમાં આવનારને હું સુખ શાંતિ આપીશ.

આ અરસામાં એટલે કે ઈ.સ. પુર્વે 520 ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં પયગંબર હગાઈના સમકાલીન પયગંબર ઝખરિયા લોકોને પોતાનો સંદેશ સંભળાવવા માંડે છે. ઝખરિયા લોકોને પ્રભુની વાણીને વાચા આપતાં કહે છે, તમે પાછા મારે શરણે આવો તો હું તમારી પાસે આવીશે. તમારા વડવાઓ જેવા ન થશો. મેં મારા સેવકો પયગંબરો મારફતે આપેલી આશાઓ અને ચેતવણીઓની આવગણના કરવાથી તમારા વડવાઓએ અચાનક તેની મજા ભોગવવી પડી.

એ જ વર્ષની ડિસેમ્બરની 18મી તારીખે હગાઈને ઈશ્વર પ્રભુનો ત્રીજો અને ચોથો સંદેશ મળે છે. ત્રીજા સંદેશમાં હગાઈ કહે છે કે, મંદિરના જીર્ણોદ્ધારમાં પાયો નાખવામાં આવ્યો તે દિવસથી ઈશ્વર પ્રભુ લોકોને આશીર્વાદ આપશે. તો ચોથા સંદેશમાં હગાઈ કહે છે કે, સૂબા ઝરૂબાબેલને મુદ્રાની પેઠે પ્રભુ પોતાની સાથે ને સાથે રાખશે.

પછીના વર્ષે ફેબ્રુઆરી 15,519માં ઝખરિયાએ પોતાને થયેલાં આઠ સાંકેતિક દર્શનને ઝખરિયા ગ્રંથના પહેલા ખંડના આઠ અધ્યાયોમાં વાચા આપી છે. હગાઈ ગ્રંથની જેમ ઝખરિયા ગ્રંથનો પણ મુખ્ય ઉદ્દેશ મંદિરના જીર્ણોદ્ધાર પ્રત્યે બેદરકાર કહેવા બદલ લોકોને ઠપકો આપવાનો અને તેમને યરુશાલેમ અને મંદિરની પુનઃરચના કરવા પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો છે. એટલે ઝખરિયા યહૂદીઓને સમાજનાંથી અશુદ્ધિઓ દૂર કરી ધાર્મિક નવજાગૃતિ લાવવાનો ઉપદેશ આપે છે. આ ઉપદેશ ઝખરિયા આઠ સાંકેતિક દર્શનો દ્વારા આપે છે.

પહેલા અશ્વદર્શન દ્વારા પયગંબર લોકોને પ્રોત્સાહિત કરવા માટે સર્વશક્તિમાન પ્રભુની વાણી સંભળાવતા કહે છે, મારાં શહેરો ફરી સમૃદ્ધિથી છલકાઈ જશે અને હું પ્રભુ ફરીથી સિયોનને આશ્વાસન આપીશ, ફરી યરુશાલેમને પસંદ કરીશ.

શિંગડાંનાં દર્શન દ્વારા ઈશ્વર પ્રભુ લોકોને જણાવે છે કે યહૂદા, ઈસ્રાયલ અને યરુશાલેમને વેરવિખેર કરી નાખનાર લોકોને હવે નીચે નમાવવામાં આવ્યા છે. ઓળંબોનાં દર્શન દ્વારા ઈશ્વર પ્રભુ લોકોને જણાવે છે કે યરુશાલેમમાં માણસો અને ઢોરોની વસ્તી એટલી મોટી હતી કે તેની ફરતે કોટ બાધી નહિ શકાય. પરંતુ લોકોએ ડરવાની જરૂર નથી. કારણ, પ્રભુ પોતે તેમાં વાસ કરશે અને તેનું રક્ષણ કરશે.

પ્રભુ નિર્વાસિત લોકોને હિંમત આપતાં કહે છે, સિયોનના વતનીઓ, ગીતો ગાઓ અને આનંદ કરો, કારણ, જુઓ, હું આવું છું અને તમારી વચ્ચે વાસ કરું છું.

ઝખરિયાના ચોથા દર્શનમાં પ્રભુનો સંદેશ વડા પુરોહિત યહોશુઆ અને તેમની મદદમાં રહેનાર સાથી પુરોહિતો માટે છે. પ્રભુ વડા પુરોહિત યહોશુઆને જણાવે છે કે, જો તું મારે માર્ગે ચાલશે અને મારી આજ્ઞા માથે ચડાવશે તો તું મારા મંદિરનો અને તેના ચોકોનો મુખ્ય વહીવટદાર થશે.

પાંચમા સાંકેતિક દર્શનમાં સાત કોડિયાંવાળી દીવીની વાત દ્વારા પયગંબર ઝખરિયા લોકોને સમજાવે છે કે, આ સાત કોડિયાં પ્રભુની આંખો છે અને તે આખી પૃથ્વી ઉપર ફરતી રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રભુ બધેય હાજર છે. બધા લોકોની સંભાળ રાખે છે.

છઠ્ઠા સાંકેતિક દર્શનમાં સૂબા ઝરૂબાબેલને માટે પ્રભુનો કોલ છે. સર્વશક્તિમાન પ્રભુ ઝરૂબાબેલને જણાવે છે કે, લશ્કરી બળથી કે તેની પોતાની શક્તિથી નહિ પણ ઈશ્વર તરફથી મળતી શક્તિને કારણે ઝરૂબાબેલ વિજયવંત થશે.

ઊડતું ઓળિયું અને પેઢીમાંની સ્ત્રીની વાત દ્વારા લોકોને ચેતવણી આપવામાં આવે છે કે, જુઠ્ઠા સોગંદ ખાનાર અને પાપ આચરતા લોકોનો નાશ કરવામાં આવશે.

છેલ્લા આઠમા સાંકેતિક દર્શનમાં પયગંબર ઝખરિયાએ ચાર રથને બે પર્વત વચ્ચેથી બહાર આવતા જોયા. રથોનાં દર્શન દ્વારા પયગંબર લોકોને જણાવે છે કે ઈશ્વર પ્રભુ આખી દુનિયાની દેખરેખ રાખે છે.

ઝખરિયા ગ્રંથની શરૂઆતમાં કહ્યું છે તેમ આ સાંકેતિક દર્શન દ્વારા પયગંબર ઝખરિયા લોકોને ઈશ્વર પ્રભુનો સંદેશ આપે છે કે, તમે પાછા મારે શરણે આવો તો હું તમારી પાસે આવીશ.

ઝખરિયા ગ્રંથના 1 થી 8 પ્રકરણ સુધીના પહેલા ખંડથી બીજા ખંડના 9 થી 14 સુધીના પ્રકરણનો ભાગ અમુક રીતે બિલકુલ અલગ તરી આવે છે. એટલે આ બીજા ખંડને ઝખિયાના લાંબા જીવન દરમિયાન પાછળથી ઉમેરાયેલો ભાગ માનવામાં આવે છે.

ઝખરિયાના બીજાખંડમાં ભાવિ મુક્તિદાતાની આગમનની આગાહી છે અને આવનાર નવા યુગમાં યરુશાલેમના થનારા ઉદ્ધારનાં અને ભાવિ વૈભવનાં વચનો છે. એમાં સૌથી વધુ નોંધપાત્ર વચનો મુક્તિદાતાની સવારીનું આબેહૂબ વર્ણન છે. શાંતિના રાજાનાં વચન આપતાં પયગંબર ઝખરિયા કહે છે, ઓ સિયોનના લોકો, આનંદોત્સવ કરો ! ઓ યરુશાલેમનગરી, હર્ષનાદ કર ! કારણ, જો,

તારો રાજા તારી પાસે આવે છે તે વિજયવંત થઈને આવે છે, પણ નમપણે, ગધેડા પર સવારી કરીને, ખોલકાને, ગધેડીના બચ્ચાને- વાહન બનાવીને આવે છે.

શુભસંદેશકાર સંત માથ્થીએ વર્ણવેલા ઈસુના યરુશાલેમમાં વિજય પ્રવેશની વાત પયગંબર ઝખરિયાએ ભાખેલી ઉપરોક્ત અગમવાણીના પુરાવા તરીકે આપણે જોઈ શકીએ છીએ. સંત માથ્થી કહે છે, પયગંબરે ભાખ્યું હતું કે, યરુયસાલેમને ખબર કરો, જો તારો રાજા તારી પાસે આવે છે ! એ નમવેશે, ગધેડા ઉપર, ભારવાહી પશુના બચ્ચા ઉપર બેસીને આવે છે તે સાચું પડે એટલા ખાતર આમ બન્યું છે.

આ રીતે ઝખરિયા ગ્રંથ સમગપણે શિખવાડે છે કે સર્વશક્તિમાન ઈશ્વર પ્રભુ બધા માણસોના, સર્વ રાજ્યોના તથા સમગ્ર દુનિયાના નિયંતા છે. ભૂતકાળ, વર્તમાનકાળ તથા ભવિષ્ય સદાસર્વદા ઈશ્વર પ્રભુને આધીન છે.

બંને પયગંબરો હગાઈ અને ઝખરિયાએ સમ્રાટ કોરેશના અમલના બીજા વર્ષે એટલે કે ઈ.સ. પૂર્વે 520 થી ઈશ્વર પ્રભુનો સંદેશ લોકોને સંભળાવ્યો હતો. વડીલ હગાઈની પયગંબરી વાણી ચારેક મહિના પૂરતી મર્યાદિત રહી છે તો યુવાન ઝખરિયાની પયગંબરી વાણી હગાઈના સમય પછી પણ ચાલી છે. પરંતુ બન્નેના પયગંબરોએ લગભગ એક જ પ્રકારનો સંદેશ આપ્યો છે.